# BUSINESS મિત્ર

### શેરબજારમાં સતત બીજા દિવસે કડાકો: રોકાણકારોને 3.69 લાખ કરોડ રૂપિયાનું નુકશાન

# સેન્સેક્સ 539 પોઈન્ટ તૂટ્યો અને નિફ્ટી 24,100ની નીચે સરકી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** મોટા ભાગના એશિયન બજારોના નબળા સંકેતોની અસર આજે ભારતીય શેરબજાર પર જોવા મળી હતી. આજે સતત બીજા દિવસે ભારતીય શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડેના નીચલા સ્તરે બંધ રહ્યા હતા. સેન્સેક્સ ઉપલા સ્તરેથી 761 પોઈન્ટ ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી 24100 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી.

આજે શેરબજારમાં સેન્સેક્સ માસિક એકસપાયરીએ પણ સેરબજારમાં વેચવાલીએ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં રોકાણકારોને રૂ. 3.69 લાખ કરોડનું નુકશાન થયું હતું. કેટલાક પસંદગીના શેરોને બાદ કરતા સમગ્ર બોર્ડમાં વેચવાલી રહી હતી. જેમાં વૈશ્વિક સંકેતો પણ નબળા રહેતા તેની પણ અસર રહી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો પીએસયુ બેન્ક, મીડિયા અને મેટલ શેરોમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે ફાર્મા, કન્ઝયુમર ડયુરેબલ્સ અને પ્રાઈવેટ બેન્ક શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 539.35 પોઈન્ટ એટલે કે 0.7 ટકા ઘટીને 76933.59 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77695 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 76933 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 116.90 પોઈન્ટ એટલે કે 24100 પોઈન્ટની સપાટી તોડીને 24090.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24297 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 24090 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 273.80 પોઈન્ટ એટલે કે 0.47 ટકા ઘટીને 57509 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બીબીટીસીમાં 195.21 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુન્ડશીયલમાં 143.21 ગણા, શ્યામ મેટાલીકસમાં 113.14 ગણા, જીએમઆર એરપોર્ટમાં 45.48 ગણા અને થ્રીએમ ઈન્ડિયામાં 37.31 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બીબીટીસીમાં 559.08 ગણા, વ્હલપુર્લ ઈન્ડિયામાં 16.66 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુન્ડશીયલમાં 10.91 ગણા, એનએમડીસી સ્ટીલમાં 10.45 ગણા અને ટ્રાવેલ ફુડ સર્વિસીસમાં 9.06 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.38 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.04 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 1831 શેરો વધ્યા હતા, જ્યારે 2485 શેરો વધ્યા હતા, અને 210 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.94 ટકા ઘટ્યા છે. જેમાં યુકો બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, પીએનબી, કેનેરા બેન્ક, ઈન્ડિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક અને પંજાબ એન્ડ સિંધ બેન્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો સુધરીને બંધ રહ્યા હતા. એનવીડિયાના પરિણામો બાદ ટેકનોલોજી શેરોએ આગેવાની લીધી હતી. બેન્ક ઓફ કોરિયાએ વ્યાજદરમાં 25 બેસીસ પોઈન્ટનો વધારો કર્યો છે. જે વધતા જતા ફુગાવાને કાબુમાં રાખવા માટે આ નિર્ણય લીધો છે. જુલાઈમાં ચીનનો ઔદ્યોગિક નફો આ વર્ષે તેની સૌથી નબળી ગતિએ ધીમો પડ્યો હતો. જે એક વર્ષ અગાઉની તુલનામાં 11.2 ટકા વધ્યો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -539.35 | 76933.59 |
| નિફ્ટી | -116.90 | 24090.85 |
| બેન્ક નિફ્ટી | -273.80 | 57509.95 |

**નિફ્ટી**

ટોપ ગેઈનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 1.83 | 3169.00 |
| કોટક બેન્ક | 1.80 | 424.20 |
| અદાણી પોર્ટસ | 1.33 | 1714.00 |
| સીપલા | 1.23 | 1420.00 |
| બીઇએલ | 1.01 | 411.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 2.75 | 1024.00 |
| એચડીએફસી બેન્ક | 2.23 | 711.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.01 | 3330.00 |
| શ્રીરામ ફાઇનાન્સ | 1.48 | 1101.00 |
| એચસીએલ ટેકનો | 1.27 | 1282.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઈનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.71 | 423.30 |
| ICICI બેન્ક | 0.93 | 1444.00 |
| ટેક મહિન્દ્રા | 0.80 | 1585.60 |
| બીઇએલ | 0.54 | 409.50 |
| અદાણી પોર્ટસ | 0.36 | 1705.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 2.08 | 712.00 |
| એનટીપીસી | 2.03 | 328.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.77 | 3338.00 |
| ભારતી એરટેલ | 1.47 | 1878.00 |
| એચસીએલ ટેકનો | 1.37 | 1282.20 |

# ગ્લોબલ EV બ્રાન્ડ્સને આકર્ષવામાં ભારતની 'સુપર સ્કીમ' ફ્લોપ

**ઓછામાં** ઓછું રૂ. 4,150 કરોડ રોકાણ અને સ્થાનિક સોર્સ જેવી કડક શરતો

**શૂન્ય** અરજીઓ સાથે પોલિસી અટકી!

મુંબઈ, તા. 27: ભારત દ્વારા ગ્લોબલ ઈલેક્ટ્રિક વાહનો બનાવતી કંપનીઓને આકર્ષિત કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે, કેમકે સમયમર્યાદા સુધી તેમાં કોઈપણ અરજી આવી નથી. સરકાર દ્વારા ઈન્સેન્ટિવ સ્કીમ રજૂ કરવામાં આવી હતી જેમાં ભારે રોકાણ અને સ્થાનિક સ્તરે ઉત્પાદન જેવી શરતો હતી. જે ગ્લોબલ કંપનીઓને આકર્ષી શકી નહીં. પોલિસી પાસે રાખવામાં આવેલી અપેક્ષા અને ઉદ્યોગ વ્યૂહરચના વચ્ચેનો આ તફાવત ભારતને ઉચ્ચ-સ્તરીય ઈલેક્ટ્રિક વાહનો માટે તાત્કાલિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં પડકારો દર્શાવે છે.

ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ - સ્કીમ ટુ પ્રોમોટ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રિક પેસેન્જર કાર્સ ઈન ઈન્ડિયા (SPMEPCI) તેની ઓક્ટોબર 2025 ની સમયમર્યાદા સુધીમાં એક પણ અરજી મેળવી ન શકતા નિષ્ફળ ગયા પછી અટકી ગઈ છે. આ કાર્યક્રમ વૈશ્વિક ઈલેક્ટ્રિક વાહન (EV) ઉત્પાદકોને કસ્ટમ ડ્યુટીમાં છૂટછાટો આપીને સ્થાનિક ઉત્પાદન એકમો બનાવવા માટે આકર્ષવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો.

આ સ્કીમનો સૌથી મોટો પડકાર એન્ટ્રીની કડક શરતો રહી. જેમાં, ઉત્પાદક કંપનીઓએ ઓછામાં ઓછું રૂ. 4,150 કરોડ - આશરે $500 મિલિયન - રોકાણ કરવાની જરૂર હતી. આ ઉચ્ચ પ્રારંભિક મૂડી ખર્ચ (મૂડીખર્ચ) સાથે લોકલ વેલ્યૂ એડિશનના કડક લક્ષ્ય પણ પૂરા કરવાના હતા.

SPMEPCI યોજનાની નિષ્ફળતા બાદ તેની સમીક્ષા ચાલી રહી છે. હવે એની પર નજર રહેશે કે ભારે ઉદ્યોગ મંત્રાલય નવી આકર્ષક સ્કીમ રજૂ કરે છે કે પછી જરૂરિયાતોને ધ્યાનમાં લઈ નવી સુધારેલી નીતિમાં સમયરેખામાં ફેરફાર કરે છે.

# પેટ્રોલ પંપ પર મોબાઈલ EV ચાર્જિંગ યુનિટ્સનો પ્રસ્તાવ

**હવે** પેટ્રોલ પંપ પર જ ઈથેનોલથી ચાર્જ થશે EV

મુંબઈ, તા. 27: લાંબી મુસાફરી માટે ચાર્જિંગ સ્ટેશનોની કમી અને સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના હોવાને કારણે ઈલેક્ટ્રિક વ્હીકલ્સની રેન્જ એક મોટી ચિંતા તરીકે જોવામાં આવે છે. નિષ્ણાતોએ રેન્જની ચિંતાને દૂર કરવા માટે હાલના પેટ્રોલ પંપ પર મોબાઈલ, ઈથેનોલ-સંચાલિત EV ચાર્જિંગ યુનિટનો ઉપયોગ કરવાનું સૂચન કરી રહ્યા છે. આ પરિવર્તનનો હેતુ લાંબા અંતરની ઈલેક્ટ્રિક મુસાફરીને વધુ વિશ્વસનીય બનાવવાનો છે કારણ કે રાષ્ટ્રનું ચાર્જિંગ નેટવર્ક સતત વધતું જાય છે. તેલ માર્કેટિંગ કંપનીઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડનારા એનર્જી મોડેલમાં કેવીરીતે અનુકૂલન સાધે છે તે જોવાનું રહેશે. ભારતીય હાઈવે પર ઈલેક્ટ્રિક વાહન ચલાવનારાઓને રેન્જ સમાપ્ત થવાની સતત ચિંતા રહે છે. આ સમસ્યાના નિવારણ માટે, નિષ્ણાતોએ મોબાઈલ, ઈથેનોલ-સંચાલિત ચાર્જિંગ યુનિટ લગાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જ્યારે જુલાઈ 2026 સુધીમાં ભારતનું જાહેર ચાર્જિંગ નેટવર્ક 52,718 સ્ટેશનો સુધી પહોંચી ગયું છે, ત્યારે ફિક્સ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ ગ્રીડ કનેક્ટિવિટી અને જમીનની ઉપલબ્ધતા સંબંધિત પડકારોનો સામનો કરે છે, ખાસ કરીને દૂરના સ્થળોએ તેમજ વધુ ટ્રાફિક ધરાવતા હાઈવે પર. પ્રસ્તાવમાં હાલના પેટ્રોલ સ્ટેશનો પર ઈથેનોલ જનરેટર દ્વારા સંચાલિત ઉચ્ચ-ક્ષમતાવાળા ફાસ્ટ ચાર્જર્સથી સજ્જ મોબાઈલ ચાર્જિંગ યુનિટનો ઉપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

આ દરખાસ્તનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના પેટ્રોલ પંપના વિશાળ નેટવર્કનો નવા પ્રકારે ઉપયોગમાં લેવાનો છે. આ સ્થાપિત સ્થળોએ મોબાઈલ ચાર્જિંગ ફ્લીટ ગોઠવીને, ઓપરેટરો તેમને મલ્ટી એનર્જી હબમાં રૂપાંતરિત કરી શકે છે.

# ક્રૂડ $100ને પાર પહોંચવાની મોર્ગન સ્ટેનલીની ચેતવણી

**ક્રુડ** ઓઇલના ભાવ વધતા ભારતની મુશ્કેલી વધશે

નવી દિલ્હી, તા. 27: ઈરાન વિરૂદ્ધ અમેરિકા દ્વારા શરૂ કરવામાં આવેલા તાજેતરના આર્થિક યુદ્ધ અને કડક પ્રતિબંધોની જાહેરાતથી ભારત સહિત વિશ્વભરની અર્થવ્યવસ્થાઓ માટે ખતરાની ઘંટડી વાગી છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ઈરાન સાથેનો ભારતનો સીધો વેપાર મર્યાદિત રહ્યો છે, પરંતુ આ ભૌગોલિક રાજકીય તણાવને સૌથી મોટો ફટકો આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલમાં સપ્લાય કટોકટી અને ભાવ વધારાના રૂપમાં જોવા મળશે.

વૈશ્વિક બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેનલીએ તેના અહેવાલમાં ચેતવણી આપી છે કે, વૈશ્વિક ક્રુડ ઓઈલ બજારમાં ક્રુડ ઓઈલનો સ્ટોક ઝડપથી ઘટી રહ્યો છે અને મીડલ ઈસ્ટમાંથી સામાન્ય પુરવઠો પુનઃ સ્થાપિત થવામાં 2027 સુધીનો સમય લાગી શકે છે. આ કારણે બ્રોકરેજ 2026ના ચોથા કવાર્ટરમાં બ્રેન્ટ ક્રુડની આગાહી 75 ડોલરથી વધારીને 100 ડોલર પ્રતિ બેરલ કરી દીધી છે. મોર્ગન સ્ટેનલીના જણાવ્યા અનુસાર વૈશ્વિક ઉર્જા બજારમાં અપેક્ષા કરતા વધુ ઝડપથી કડક થઈ રહ્યું છે. 13 જુલાઈથી, દરિયામાં જહાજો પરના ક્રુડમાં લગભગ 170 મિલિયન બેરલનો ઘટાડો થયો છે. જે દરરોજ લગભગ 4.7 મિલિયન બેરલનો ઘટાડો છે. આ સિવાય ચીન સહિત ઘણા દેશોમાં ઓનશોર ડેપોના સ્ટોકમાં પણ તીવ્ર ઘટાડો થયો છે. બીજી તરફ, યુએસ સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વમાંથી વધારાનું ક્રુડ મુક્ત કરવાની સમયમર્યાદા સપ્ટેમ્બર પછી સમાપ્ત થઈ રહી છે. રિફાઈનીંગ ક્ષમતાની મર્યાદાને કારણે, ગેસોઈલ અને બ્રેન્ટ વચ્ચેનો તફાવત રેકોર્ડ 75 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે, જે તીવ્ર અછતની પુષ્ટિ કરે છે.

ભારતની વાત કરીએ તો ભારત કુલ પેટ્રોલિયમ જરૂરિયાતના 85 ટકાથી વધુ આયાત કરે છે. જો બ્રેન્ટ ક્રુડ 100 ડોલરના સ્તરને સ્પર્શે છે, તો તે દેશના અર્થતંત્ર પર ગંભીર અસરો કરશે. ઈરાન સંકટ વચ્ચે અમેરિકાએ રશિયા પાસેથી સસ્તુ ઓઈલ ખરીદનારા દેશો પર કડકાઈ શરૂ કરી દીધી છે. જે સંદર્ભે અમેરિકામાં બિલ પસાર થઈ ગયું છે અને કાયદો બની જશે તો રશિયન ક્રુડ અને ગેસ ખરીદતા મોટા દેશો પર 100 ટકા સુધી શિક્ષાત્મક ટેરિફ લાદવાની કાનુની સત્તા હશે.

# ભારતીય સંરક્ષણ ક્ષેત્રની ઐતિહાસિક હરણફાળ

**ઉત્પાદન** ₹1.80 લાખ કરોડે પહોંચ્યું, નિકાસ ₹રૂ. 39,000 કરોડ

નવી દિલ્હી, તા. 27: ભારતનું સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતા તરફ ઐતિહાસિક હરણફાળ ભરી રહ્યું છે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન લગભગ ચાર ગણું વધીને રૂ. 1.80 લાખ કરોડ થઈ ગયું છે. તે જ સમયે, ભારતમાં સંરક્ષણ સાધનોની નિકાસ વધીને રૂ. 39000 કરોડની નજીક પહોંચી ગઈ છે.

મધ્યપ્રદેશના જબલપુરમાં 57 વર્ષ જુની વ્હીકલ ફેકટરીમાં ટી-સિરીઝની મુખ્ય યુદ્ધ ટેન્કોના ઓવરહોલીગ માટે રૂ. 472 કરોડના નવા પ્લાન્ટનો શિલાન્યાસ કરવા માટે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ પહોંચ્યા હતા, જ્યાં તેમને સંરક્ષણ ક્ષેત્રની પ્રગતિની વિગતો આપી હતી.

2014માં દેશનું શસ્ત્ર અને દારૂગોળો ઉત્પાદન માત્ર રૂ. 46000 કરોડ હતું, તે વધીને રૂ. 1.80 લાખ કરોડ થઈ ગયું છે. 2014માં ભારતની સંરક્ષણ નિકાસ માત્ર રૂ. 1000 કરોડ હતી, જે હવે રૂ. 39000 કરોડ પર પહોંચી ગઈ છે. જે 2028-29 માટે રૂ. 50000 કરોડની નિકાસ લક્ષ્યાંક રાખ્યું છે.

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રે ભારત પ્રત્યેની વિશ્વની ધારણા બદલાઈ ગઈ છે અને તેની પાછળ આત્મનિર્ભર ભારતનું વિઝન છે. ભારત હવે માત્ર પોતાની ધરતી પર આધુનિક હથિયારોનું નિર્માણ જ નથી કરી રહ્યું, પરંતુ તેની જાળવણી, ઓવરહોલ અને અપગ્રેડ કરવાની સંપૂર્ણ ક્ષમતા પણ પ્રાપ્ત કરી લીધી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૭૧૦૦ |
| એમ-30 | ૭૦૦૦ |
| એસ-30 | ૬૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૬૯૦૦ |
| એસ-30 | ૬૮૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૩૨૯૦ |
| તેજાબી સોનું | ૧૬૩૨૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૫૧૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૦૦૨૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૩૨૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૬૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૭૫૦૦ |

# અમેરિકામાં RSSના વડા મોહન ભાગવતના કાર્યક્રમનો આટલો બધો વિરોધ કેમ થઈ રહ્યો છે?



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેની શતાબ્દીની ઉજવણી માટે દુનિયાના અનેક ભાગોમાં ભવ્ય કાર્યક્રમો યોજી રહ્યો છે ત્યારે RSS ના વડા મોહન ભાગવત દ્વારા આયોજિત એક કાર્યક્રમનો ન્યુ યોર્કના મેયર ઝોહરાન મમદાની દ્વારા વિરોધ કરવામાં આવતો હોવાથી અમેરિકન હિન્દુઓ ગુસ્સે ભરાયા છે. મોહન ભાગવત ૨૯ ઓગસ્ટના રોજ ન્યૂ યોર્કમાં એક કાર્યક્રમને સંબોધિત કરવાના છે. આ કાર્યક્રમ એકતા અને પરસ્પર જોડાણના થીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કાર્યક્રમના આયોજન પહેલાં અસંખ્ય નામાંકિત વ્યક્તિઓ હિન્દુ અમેરિકનોને નિશાન બનાવી રહ્યાં છે અને કાર્યક્રમને રદ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન (HAF) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ શહેરનાં તમામ રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શપથ લીધા છે. મોહન ભાગવતના કાર્યક્રમમાં હાજરી આપનારાં હિન્દુઓ સહિતના ન્યુ યોર્કના તમામ હિન્દુઓ બાબતમાં ઝોહરાન મામદાનીએ તેનું પાલન કરવું જોઈએ. સંગઠને હિન્દુ સમુદાયનાં સભ્યોને જાગૃત રહેવાની અપીલ કરી હતી.

યુએસ કમિશન ઓન રિલિજિયસ અફેર્સ (USCIRF) એ પણ મોહન ભાગવતના કાર્યક્રમની ટીકા કરી છે. યુએસ કમિશને આરોપ લગાવ્યો હતો કે ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ બગડી રહી છે. કમિશને અમેરિકન સરકાર પાસે RSSનાં સભ્યો અને ભારતીય અધિકારીઓ પર પ્રતિબંધો લાદવાની માંગણી કરી હતી. લોકપ્રિય અમેરિકન ગાયિકા મેરી મિલબેને કહ્યું હતું કે RSSના વડા મોહન ભાગવત તેમના ન્યૂયોર્કના સંબોધનનો ઉપયોગ સંગઠનનાં કાર્યોને સીધા અમેરિકન લોકો સુધી પહોંચાડવા માટે કરી શકે છે. ભારતીય-અમેરિકન સમુદાયની બહારનાં મોટા ભાગનાં અમેરિકનો RSS વિશે બહુ ઓછાં જાણે છે. જો તમે ન્યૂ યોર્કના રસ્તાઓ પર એક સરેરાશ અમેરિકન સાથે વાત કરો તો તેઓ કદાચ જાણતા પણ નહીં હોય કે RSS શું છે. સંગઠન ભૂતકાળમાં કેટલાક વિવાદોમાં ફસાયેલું રહ્યું છે, પરંતુ તેના નેતાઓએ આજના સમયમાં RSSના સંદેશને સમજાવવા માટે ન્યૂયોર્કના કાર્યક્રમનો ઉપયોગ કરવો જોઈએ. મિલબેને કાર્યક્રમના આયોજકોને અન્ય ધર્મોના પ્રતિનિધિઓને પણ સામેલ કરવાની અપીલ કરી છે.

અમેરિકામાં એક ભારતવિરોધી કાર્યકર્તા નેટવર્ક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવત વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યું છે. આ નેટવર્ક ઇન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ (IAMC) દ્વારા ચલાવવામાં આવે છે, જેને હિન્દુઝ ફોર હ્યુમન રાઇટ્સ (HFHR) દ્વારા સમર્થન આપવામાં આવે છે. તેણે ભારતમાં લઘુમતી અધિકારો, જાતિ ભેદભાવ અને કથિત માનવ અધિકાર ઉલ્લંઘન જેવા મુદ્દાઓ પર વારંવાર ઝુંબેશ ચલાવી છે. IAMC ની સ્થાપના ૨૦૦૨ માં ગુજરાતનાં રમખાણો પછી કરવામાં આવી હતી અને તે સમગ્ર અમેરિકામાં ભારત અને ભારતીય-અમેરિકન સમુદાય પર કેન્દ્રિત માનવ અધિકારો અને હિમાયતનાં માળખાંમાં કાર્ય કરે છે. ઇન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ અને હિન્દુઝ ફોર હ્યુમન રાઇટ્સ અમેરિકામાં રહેતા ભારતીય સમુદાયમાં ભારતમાં વિવાદાસ્પદ રાજકીય અને સામાજિક મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે.

હિન્દુ હિતોની હિમાયત કરતી અમેરિકા સ્થિત સંસ્થા હિન્દુપેક્ટે યુએસ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF) ના કેટલાક સભ્યોના વલણની ટીકા કરી છે. હિન્દુપેક્ટના સ્થાપક પ્રમુખ અજય શાહે જણાવ્યું હતું કે USCIRF એ તેના આદેશની ગરિમાને નબળી પાડી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે જ્યારે કમિશનના અધ્યક્ષ ભારત અને RSS વિશે વાત કરે છે, ત્યારે તેમનું વલણ બહુલવાદી અમેરિકન કમિશનના વડા કરતાં હિન્દુ વિરોધી વિચારો ધરાવતા વ્યક્તિ જેવું લાગે છે. અમેરિકન હિન્દુઓ તેમના ધર્મ, સંસ્થાઓ અને ભારતના લોકશાહી

**ટુ ધ પોઇન્ટ**

■ સંજય વોરા ■

અવાજને બદનામ કરવાના પ્રયાસોને સહન કરશે નહીં. RSSના સામાજિક કાર્યનો ઉલ્લેખ કરતાં અજય શાહે કહ્યું કે RSS સંગઠન દાયકાઓથી રાહતકાર્ય, શિક્ષણ, ગ્રામવિકાસ અને સામાજિક સંગઠનનાં ક્ષેત્રોમાં કામ કરી રહ્યું છે. વિરોધી નિવેદનો દ્વારા આ કાર્યોનો રેકોર્ડ ભૂંસી શકાય નહીં. હિન્દુપેક્ટે કહ્યું કે તે મોહન ભાગવતની મુલાકાતની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવવાના USCIRFના પ્રયાસને સ્વીકારતું નથી. હિન્દુપેક્ટ સંગઠને અમેરિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સમુદાયના નેતાઓને USCIRF નાં આવાં વલણને નકારવા માટે પણ અપીલ કરી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ બુધવારે જણાવ્યું હતું કે તેના વડા મોહન ભાગવતનો ન્યૂયોર્કમાં કાર્યક્રમ ખુલ્લા સંવાદની ભાવનાથી આયોજિત કરવામાં આવ્યો હતો. સંઘે સંગઠન વિશે વધુ જાણવા માંગતા તમામ લોકોને ચર્ચામાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. ન્યુ યોર્કના મેયર ઝોહરાન મામદાનીની ટીકા વચ્ચે RSSના વરિષ્ઠ અધિકારી સુનીલ આંબેકરે આ નિવેદન આપ્યું છે, જેમણે મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં ભાગવતના કાર્યક્રમ પર સવાલ ઉઠાવ્યા છે. સુનીલ આંબેકરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ન્યૂ યોર્કમાં યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન એક એવો કાર્યક્રમ છે, જે વિવિધ ધર્મોના લોકોને એકસાથે લાવે છે. આરએસએસના વડા મોહન ભાગવત વિવિધ સંસ્કૃતિઓ અને ધર્મોનાં લોકો સાથે વાતચીત કરીને ન્યુ યોર્કની સભાને સંબોધિત કરશે.

ભાગવતની અમેરિકા મુલાકાત પહેલાં યુએસ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF) એ RSS પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે. ૧૯ ઓગસ્ટના રોજ કમિશને અમેરિકન સરકારને RSSના નેતાઓને ઉચ્ચ સ્તરીય રાજદ્વારી પ્રવેશ નકારવાની અને તેમની સાથે સત્તાવાર બેઠકો પર પ્રતિબંધ મૂકવાની વિનંતી કરી હતી. આ વર્ષના માર્ચમાં તેના વાર્ષિક અહેવાલમાં USCIRF એ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેણે RSS અને RAW સહિતનાં ચોક્કસ સંગઠનો અને વ્યક્તિઓ પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી. ભારતે આ અહેવાલને વિકૃત અને પસંદગીયુક્ત ગણાવીને ફગાવી દીધો હતો. ભારત સરકારે કહ્યું હતું કે આ અહેવાલમાં એવા સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમની વિશ્વસનીયતા શંકાસ્પદ છે અને તેમાં ભારતની પરિસ્થિતિનું એકતરફી ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે USCIRF ને પક્ષપાતી સંસ્થા ગણાવી હતી.

RSS વડા મોહન ભાગવત મંગળવારે ન્યૂયોર્ક પહોંચ્યા હતા, જે તેમના ૧૭ દિવસના ત્રણ દેશોના પ્રવાસનો પહેલો મુકામ હતો. ભારતીય મહિલાઓએ ન્યૂયોર્કના JFK એરપોર્ટ પર તિલક લગાવીને તેમનું સ્વાગત કર્યું હતું. મોહન ભાગવતની આ મુલાકાત RSSના શતાબ્દી વર્ષ માટે વૈશ્વિક કાર્યક્રમનો એક ભાગ છે. આ કાર્યક્રમ રક્ષાબંધન નિમિત્તે યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમ રક્ષાબંધનની ભાવનાને એકતા, નાગરિક જવાબદારી અને વૈશ્વિક સંવાદિતાના સંદેશાઓ સાથે જોડશે. સાંસ્કૃતિક પ્રદર્શનનો પણ સમાવેશ કરવામાં આવશે. સહભાગીઓમાં વિવિધ ધર્મો અને સમુદાયોના લોકોનો સમાવેશ થશે. અમેરિકા પછી મોહન ભાગવત કેનેડા અને યુનાઇટેડ કિંગ્ડમનો પ્રવાસ કરશે. RSS ના જણાવ્યા અનુસાર આ મુલાકાત દરમિયાન તેઓ ભારતીય મૂળના લોકો અને સ્થાનિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે. ૨૯ ઓગસ્ટના રોજ મોહન ભાગવત ન્યૂ યોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યુનિવર્સલ વનનેસ કાર્યક્રમમાં હાજરી આપશે. ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાનીએ મોહન ભાગવતની મુલાકાત અંગે કહ્યું કે હું RSSના કાર્યક્રમને સમર્થન આપતો નથી. હું તેની વિભાજનકારી વિચારધારાનો વિરોધ કરું છું.

મોહન ભાગવત અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૮ માં અમેરિકાની મુલાકાતે ગયા હતા. તેમણે શિકાગોમાં આયોજિત બીજી વિશ્વ હિન્દુ કોંગ્રેસમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ૬૦ દેશોના આશરે ૨,૫૦૦ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. મોહન ભાગવતે કોંગ્રેસના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય ભાષણ આપ્યું હતું. ૨૦૧૮ની આ મુલાકાતના ઉપલબ્ધ અહેવાલોમાં ભાગવત દ્વારા કોઈ પણ અમેરિકન રાજદ્વારીઓને મળ્યાનો કે કોઈ ઓપચારિક રાજદ્વારી સન્માન પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ નથી. તેમની મુલાકાત વિશ્વ હિન્દુ કોંગ્રેસ અને સંબંધિત કાર્યક્રમો પર કેન્દ્રિત હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકામાં ઇન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ (IAMC) દ્વારા ચલાવવામાં આવતું એક ભારત વિરોધી નેટવર્ક RSS ના વડા મોહન ભાગવત વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યું છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**મિલ્કત ભાડેથી**

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેસુમાં**
ઓફિસ ભાડે વેચાણ માટે આપવાની છે. મો.- 9825675679

**મિલ્કત વેચવાની છે**

**Flat For Sell**
New Project ,Near shymbaba mandir new citylight, 4bhk 3075sqft , 11.25ft floorHeight , Private lift accessTouchpanel switch , Aroplan , gasgeyser , 5ac , Semihome automation , 1.94cr M:9737711103 ( Zero Brokerage)

**નોકરી વિષયક**

**વેલ્ડર જોઈએ**
(પગાર- 1,000 રોજના) 3/4 વેલ્ડર જોઈએ છે. એન્થમ સર્કલ, કોસમાડા- સુરત. 9913711397 (279)

**જોઈએ છે.**
લાલ દરવાજા વિસ્તારમાં લેસ/બોર્ડર પેકિંગ કામ માટે માણસો. ઉંમર 20-50 વર્ષ. મો. 9879735198

**રિયલ એસ્ટેટના કામ**
માટે સેલ્સ ગર્લ જોઈએ છે. સુવાલી ઓફિસ માટે. 8000374488 (282)

**વાહન લે-વેચ**

**જુના વાહનો વેચવા**
માટે સંપર્ક કરો બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા જૂની બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાગર 9427113317**
જન્માષ્ટમીમાં મહાલક્ષ્મી માથેરાન લોનાવાલામા નાઈટ, દીપાવલીમાં કાશ્મીર વૈષ્ણોદેવી

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**(12 મહાદેવ),**
(કાવી કંબોઈ, નારેશ્વર), (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (અષ્ટવિનાયક) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ) મહાદેવ ટૂર એન્ડ ટ્રાવેલ્સ 7802062340 (281)

**JOY N JOY TRAVELS.**
રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ જેપેનીઝ કોસ્ટર દ્વારા પ્રવાસનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. દિવસ- 08. તારીખ 12 નવેમ્બર (9 સીટ બાકી) બજેટ અનુસાર અન્ય પેકેજો માટે સંપર્ક કરો. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યન્મોત્રી, ગંગૌત્રી, હરિદ્વાર (49મો પ્રવાસ), તારીખ- 09/09, 10/10, દિવસ- 15/16. (ચોક્કસ ઉપડશે) સંપૂર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કીશનભાઈ- 9898700934

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.